પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૯૧, કુલ પાના:૪, તારીખ: ૦૯-૧૨-૨૦૨૦ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 91 PRICE :-RS. 1.50 DATE : 09-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આજે સરકાર-ખેડૂત આગેવાનો વચ્ચે વધુ એક બેઠક યોજાશે

## ખેડૂતોના ભારત બંધને દેશભરમાં મિશ્ર પ્રતિસાદ: ગુજરાતમાં નહિવત્ અસર





ન્યુ દિલ્હી,

કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂત સંગઠનો દ્વારા આજે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. દેશના કેટલાક રાજ્યોમાં ભારત બંધની અસર જોવા મળી રહી છે. દેશમાં ઘણી જગ્યાએ ટાયરો સળગાવી અને હાઈવે ચક્કાજામ કરી વિરોધ કરવામાં આવી રહ્યો છે. સાથે જ પોલીસ દ્વારા પ્રદર્શનકારીઓની અટકાયત કરાઈ રહી છે. જયપુરમાં ભાજપની ઓફિસની બહાર કોંગ્રેસ-ભાજપના કાર્યકર્તાઓ સામ-સામે આવી ગયા હતા અને તેમની વચ્ચે પથ્થરમારો થયો હતો. ત્યારે વધુ વાત કરવામાં આવે તો આજે સરકાર અને ખેડૂત આગેવાનો વચ્ચે વધુ એક વખત બેઠક યોજાશે.

ભાજપ શાસિત ૧૭માંથી ૧૫ રાજ્યમાં પણ ખેડૂત આંદોલનના સમર્થનમાં આપવામાં આવેલા ભારત બંધની અસર જોવા મળી છે. ગુજરાતના ત્રણ હાઈવે પર કોંગ્રેસ કાર્યકર્તાએ ટાયર સળગાવીને દેખાવો કર્યા. એનાથી ટ્રાફિકજામ થઈ ગયો છે. બિહારના દરભંગામાં રાષ્ટ્રીય જનતા દળના કાર્યકર્તાઓએ રસ્તાઓ પર દેખાવો કર્યા. અહીં ગંજ ચોકમાં રસ્તાઓ પર ટાયરો સળગાવવામાં આવ્યાં છે. આરજેડી ખેડૂતોએ આપેલા ભારત બંધનું સમર્થન કરી રહી છે. કર્ણાટકમાં કોંગેસ નેતાઓએ દેખાવો કર્યા.

કોલકાતામાં જ જાદબપુર રેલવે સ્ટેશન પર લેફ્ટ કાર્યકર્તાઓએ ટ્રેન રોકી હતી. ભુવનેશ્વર રેલવે સ્ટેશન પર દેખાવકારોએ ટ્રેન રોકી હતી. મહારાષ્ટ્રના બુલઢાના જિલ્લાના મલકાપુરમાં સ્વાભિમાની શેતકારી સંગઠનના લોકોએ ટ્રેન રોકી હતી. જોકે પોલીસે થોડી જ વારમાં તેમને ટ્રેક પરથી હટાવીને ધરપકડ કરી હતી.

- ★ રાહુલે ખેડૂત આંદોલનનું સમર્થન કરતાં ટ્વીટ કર્યું હતું કે મોદીજી, ખેડૂતો પાસેથી ચોરી કરવાનું બંધ કરો.
- ★ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં સમાજવાદી પાર્ટીના કાર્યકર્તાઓએ ટ્રેનને રોકી હતી.
- ★ આંધ્ર પ્રદેશના વિજયવાડામાં લેફ્ટ પાર્ટીઓના ખેડૂતોના સમર્થનમાં ધરણાં.
- ★ ઓડિશામાં લેફ્ટ પાર્ટી, ટ્રેડ યુનિયન અને ખેડૂત સંગઠનો દ્વારા ભુવનેશ્વર રેલવે સ્ટેશન પર ટ્રેન રોકવામાં આવી.
- ★ બિહારના દરભંગામાં **RJD** કાર્યકર્તાઓએ કૃષિ કાયદાના વિરોધમાં ટાયરો સળગાવ્યા.
- ★ પશ્ચિમ બંગાળમાં ટ્રેડ યુનિયનોએ ખેડૂતોના સમર્થનમાં માર્ચ નીકાળી.
- ★ આમ આદમી પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે કેન્દ્રની પોલીસે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘરને નજરકેદ કર્યું છે.
- ★ ગુજરાતના ત્રણ હાઈવે પર કોંગ્રેસ કાર્યકર્તાએ ટ્રાયલ સળગાવીને દેખાવો કર્યા.
- ★ બિહારના દરભંગામાં રાષ્ટ્રીય જનતા દળના કાર્યકર્તાઓએ રસ્તાઓ પર દેખાવો કર્યા.
- ★ કર્ણાટકમાં કોંગેસ નેતાઓએ દેખાવો કર્યા.
- ★ કોલકાતામાં જ જાદબપુર રેલવે સ્ટેશન પર લેફ્ટ કાર્યકર્તાઓએ ટ્રેન રોકી હતી.
- ★ મહારાષ્ટ્રના બુલઢાના જિલ્લાના મલકાપુરમાં સ્વાભિમાની શેતકારી સંગઠનના લોકોએ ટ્રેન રોકી
- ★ મુંબઈમાં ડબ્બાવાળા ખેડૂતોના ભારત બંધને સમર્થન આપી રહ્યાં છે. તેમણે નવા કાયાદાઓને પાછા ખેંચવાની માગ કરી છે.
- ★ દિલ્હીમાં ગાઝીપુર બોર્ડર પર હવે મહિલા ખેડૂતોએ મોર્ચો સંભાળ્યો.
- ★ બિહારમાં જુદા-જુદા શહેરોમાં રાજદના કાર્યકર્તાઓ રસ્તા પર ઉતર્યા.

કૃષી કાયદાઓની વિરુદ્ધ પંજાબ અને અન્ય રાજ્યોનાં ખેડૂતો દિલ્હી બોર્ડર પર છેલ્લા ૧૩ દિવસથી આંદોલન કરી રહ્યા છે. ખેડૂતો સતત ખેડૂત કાયદા પરત લેવા માટેની માંગ કરી રહ્યા છે. તેના મુદ્દે સરકાર સાથે અત્યાર સુધી પાંચ તબક્કામાં બેઠકો થઈ ચુકી છે. અગાઉ પણ ભારત બંધનું આહ્વાન કરવામાં આવ્યું હતું. જો કે ૯ ડિસેમ્બરે યોજાનારી સરકાર સાથેની વાતચીતમાં જોડાવાની સંમતી પણ વ્યક્ત કરી હતી.

### ભારત બંધ અમદાવાદમાં બેઅસર:

## દરિયાપુરમાં વિરોધ કરનારની અટકાયત




અમદાવાદ,

અમદાવાદમાં ખેડૂત આંદોલન અંતર્ગત ભારત બંધના એલાનને પગલે કોંગ્રેસના નેતાઓને નજરકેદ કરી દેવામાં આવ્યાં છે. પરંતુ અમદાવાદમાં જનજીવન સંપૂર્ણ પણે સામાન્ય રહ્યું છે. બંધને પગલે શહેરમાં મોટી સંખ્યામાં પોલીસનો કાફલો ખડકી દેવામાં આવ્યો છે. કોંગ્રેસના દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદ્દિન શેખ, જમાલપુર-ખાડિયા નાં ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને નજરકેદ કરાયા છે. યુનિવર્સિટી વિસ્તારમાં એનએસયુઆઈના કાર્યકરો દ્વારા ટાયરો સળગાવી વિરોધ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત એનએસયુઆઈના કાર્યકરો બીઆરટીએસ બસની ચાવી લઈને ફરાર થઈ ગયાં હતાં. કાર્યકરોને પકડવા જતાં એક પોલીસકર્મી પણ ઈજાગ્રસ્ત થયો હતો. નરોડા ગેલેક્સી સિનેમા પાસે પણ પોલીસે એનએસયુઆઈના કાર્યકરોની ધરપકડ કરી હતી. વિરોધ કરનારે દરેક દુકાન અને શો રુમ પર જઈને ગાંધીગીરી રુપે ગુલાબ આપીને ખેડૂતને સાથ આપવા અને દુકાન બંધ રાખવા અપીલ કરાઈ હતી.

બીજી બાજુ દરિયાપુર કાઉન્સિલર મોનાબેન પ્રજાપતિ સહિત ૧૦ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. ખેડૂત આંદોલનથી ગભરાઈ ગયેલી આ ભાજપ સરકાર બંધ એલાન ને નિષ્ફળ બનાવા કોંગ્રેસ પક્ષના દાણીલીમડા વોર્ડ મ્યુ કાઉન્સિલર શ્રી રહીમભાઈ ડી સુમરા મુન્નાભાઈ રમીલાબેન પરમાર બહેરામપુરા વોર્ડ નાં મ્યુ કાઉન્સિલર શ્રી કમરુદિન પઠાણ જરીનાબેન રંગરેજ વોર્ડ પ્રમુખ સલીમભાઈ સાબુવાલા વોર્ડ પ્રમુખ જફરભાઈ અજમેરી દાણીલીમડા વિધાનસભા નાં પ્રભારી દિનેશ કે પરમાર અમદાવાદ શહેર મહામંત્રી ગુલામનબી શેખ મંત્રી ગીરીશભાઈ પીલવયકર ની દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં અમારી અટકાયત કરવામાં આવી છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું હતું કે ભાજપ સરકાર ખેડૂત વિરોધી કાયદા લાવી છે.જેના કારણે દેશમાં કંપની રાજ આવશે. અંગ્રેજોની જેમ જ કંપની રાજ આવશે.

## "લોક અદાલત" જેવું તંત્ર ઉભું કરવા ૩૬ ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવામાં આવી

ગાંધીનગર,

કર્મચારીઓની સેવા વિષયક બાબતોમાં પણ સરળ અને ઝડપી કાર્યવાહી થાય તે માટે લોકઅદાલત જેવા તંત્રથી ખાતાકીય તપાસના કેસોનો ઝડપથી નિકાલ થશે. રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓની સેવા વિષયક બાબતોમાં સરળ અને ઝડપી કાર્યવાહી માટે તા.૧૭.૦૭.૨૦૨૦ થી લોકઅદાલત જેવા તંત્રની શરૂઆત કરવાનો રાજય સરકારે નિર્ણય લીધો છે. જે અન્વયે મહેસૂલ વિભાગ હસ્તકના ૩૩ જિલ્લા કલેકટર કક્ષાએ તેમજ સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક, સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ તથા નોંધણી સર નિરીક્ષકની ખાતાના વડાઓની કક્ષાએ એમ કુલ ૩૬ ઉચ્ચકક્ષાની સમિતિઓની રચના કરવામાં આવેલ છે. એમ મહેસૂલ મંત્રી કૌશિક પટેલે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, કુલ ૩૬ ઉચ્ચકક્ષાની સમિતિઓની રચના કરવામાં આવી છે તે જ રીતે હવે સચિવાલયના મહેસૂલ વિભાગના વર્ગ-૩ અને વર્ગ-૪ ના સરકારી કર્મચારીઓ સામેની ખાતાકીય તપાસના કેસોના ઝડપી નિકાલ માટે લોકઅદાલત જેવું તંત્ર ઉભું કરવા માટે મહેસૂલ વિભાગના તા.૦૨/૧૨/૨૦૨૦ના ઠરાવથી જમીન સુધારણા કમિશ્નરશ્રી અને હોદ્દાની રૂએ સચિવશ્રીના અધ્યક્ષતામાં ઉચ્ચકક્ષાની સમિતિની રચના

(અનુ.પાના.નં.૨)

### પ્રાઈવેટ બજારમાં વેક્સિનનો એક ડોઝ રૂ.૧૦૦૦માં મળશે: પૂનાવાલા

## સીરમ કંપની સરકારને કોરોના રસી ૨૫૦ રૂપિયામાં આપશે..!






ન્યુ દિલ્હી,

દુનિયાભરમાં હાહાકાર મચાવનારા કોરોના વાયરસની વેકસીનને લઈને ભારતની જ દિગ્ગજ કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા એ સારા સમાચાર આપ્યા છે. સિરમના જણાવ્યા પ્રમાણે તેની રસી સૌથી પહેલા ભારતને આપવામાં આવશે. તેવી જ રીતે તેના સપ્લાયને લઈને કોન્ટ્રાક્ટની પણ સરકાર સાથે વાતચીત ચાલી રહી છે. સિરમે તેની કોરોના વેકસીનની કિંમત પણ જાહેર કરી દીધી છે જે સૌથી સસ્તી છે.

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા કેન્દ્ર સરકારની સાથે કોરોના વેક્સિન-કોવિશીલ્ડના સપ્લાઈ-કોન્ટ્રેક્ટ પર સાઈન કરવાની છે. કંપનીના જણાવ્યા પ્રમાણે તેઓ સરકારને એક ડોઝ રૂ. ૨૫૦માં આપશે.

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના આદર પુનાવાલાએ કહ્યું હતું કે, તેમની કંપની તરફથી ભારતમાં કોવિશીલ્ડ માટે ઈમર્જન્સી યુઝની મંજુરી માંગવામાં આવી છે. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ટૂંક સમયમાં જ આ વિશે કોઈ નિર્ણય લેવામાં આવશે. ઈમર્જન્સી યુઝની અપ્રૂવલની પ્રોસેસ પહેલાં જ ઝડપી બનાવી દેવામાં આવી છે. જો બધું બરાબર રહેશે તો જાન્યુઆરીથી દેશમાં વેક્સિનેશનનું કામ શરૂ થઈ જશે.

અદાર પૂનાવાલાએ પહેલાં જ કહ્યું હતું કે વેક્સિનનો એક ડોઝ ભારતના પ્રાઈવેટ બજારમાં રૂ. ૧,૦૦૦માં મળશે. જોકે સરકાર સાથે જથ્થાબંધ સપ્લાઈ ડીલમાં કિંમત થોડી ઓછી હશે. કંપની તરફથી પહેલેથી જ કહેવામાં આવ્યું હતું કે, સરકાર વેક્સિનની કિંમત ૩ ડોલર અથવા રૂ. ૨૨૫થી ૨૫૦ રાખશે.

પૂનાવાલાએ એવું પણ કહ્યું હતું કે, આ રસી સૌથી પહેલા ભારતમાં પુરી પાડવામાં આવશે. ભારતમાં પુરતા પ્રમાણમાં વેક્સીન અપાયા બાદ જ દુનિયાના અન્ય

(અનુ.પાના.નં.૨)

## ૯૦ રુપિયાના પેટ્રોલમાં ૬૦ રુપિયા ટેક્સ, સરકાર શોષણ કરી રહી છે: સુબ્રમણ્યમ સ્વામી



ન્યુ દિલ્હી,

અર્થતંત્રમાં સુસ્તી વચ્ચે પણ પેટ્રોલના ભાવમાં આગ લાગેલી છે.સંખ્યાબંધ શહેરોમાં પેટ્રોલનો એક લિટરનો ભાવ ૯૦ રુપિયા સુધી પહોંચી ચુક્યો છે અને લોકોના ખિસ્સા પર ભાર પડી રહ્યો છે.

પેટ્રોલના ભાવવધારા સામે હવે મોદી સરકારનો તેમની જ પાર્ટી ભાજપના સાંસદ ડો.સુબ્રમણ્યમ સ્વામીએ વિરોધ કર્યો છે. ડો.સ્વામીનુ કહેવુ છે કે, આ સમયે પેટ્રોલની કિંમત પ્રતિ લિટર ૯૦ રુપિયા થઈ ગઈ છે .હકીકત એ છે કે, પેટ્રોલની રિફાઈનરીમાંથી નિકળ્યા બાદની કિંમત પ્રતિ લિટર ૩૦ રુપિયા હોય છે.જેમાં બીજા ૬૦ રુપિયાનો ટેક્સ સરકાર દ્વારા ઝીંકવામાં આવે છે.ખરેખર તો પેટ્રોલનો વધારેમાં વધારે ભાવ પ્રતિ લિટર ૪૦ રુપિયા હોવો જોઈએ.

સ્વામીએ કહ્યુ હતુ કે, સરકાર પેટ્રોલના ભાવ વધારીને લોકોનુ શોષણ કરી રહી છે.જોકે સ્વામીનુ સૂચન સોશ્યલ મીડિયા પર ઘણાને પસંદ આવી રહ્યુ છે અને ઘણા તેનો વિરોધ પણ કરીને સવાલો પૂછી રહ્યા છે.

જોકે પહેલી વખત નથી બન્યુ કે ડો.સ્વામીએ પોતાની સરકારની નીતિઓનો વિરોધ કર્યો હોય.આ પહેલા પણ તેઓ ઘણી વખત જાહેરમાં મોદી સરકાર સામે પોતાનો વિરોધ નોંધાવી ચુક્યા છે.

## ખેડૂત આંદોલન-કોરોનાના કારણે સોનિયા ગાંધી આજે જન્મદિવસ નહિ ઉજવે



ન્યુ દિલ્હી,

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી આ વરસે પોતાનો જન્મદિવસ નહીં ઊજવે. એ માટે તેમણે ખેડૂતોના આંદોલનનું કારણ આગળ ધર્યું હતું. તેમણે કહ્યું કે દેશનો ખેડૂત આંદોલન કરતો હોય ત્યારે હું બર્થ ડેની ઊજવણી કરી ન શકું. કોંગ્રેસ પક્ષ સદૈવ ખેડૂતોની સાથે રહ્યો હતો.

કેન્દ્ર સરકારે ઘડેલા ત્રણ નવા કૃષિ કાયદાની વિરુદ્ધ ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. છેલ્લાં દસ બાર દિવસથી હજારો ખેડૂતો દિલ્હીમાં અડ્ડો જમાવીને બેઠાં છે. આજે તેમણે ભારત બંધની હાકલ કરી છે. જો કે સવારે ૧૧ વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધીનો આ બંધ હોવાની જાહેરાત થઈ હતી પરંતુ આજે સવારથી મહારાષ્ટ્રમાં અને ઓરિસામાં કેટલેક સ્થળે જબરદસ્તીથી ટ્રેનો રોકવામાં આવી હતી.

સોનિયા ગાંધી અને કોંગ્રેસ પક્ષે પણ અન્ય રાજકીય પક્ષોની જેમ ખેડૂતોના આંદોલનને ટેકો જાહેર કર્યો હતો. આજે પાટનગર નવી દિલ્હીમાં કોંગ્રેસના વડા મથકની બહાર કોંગ્રેસીઓ ખેડૂતો સાથે એકતા દર્શાવવા દેખાવો કરવાના છે.

## અમેરિકન સાંસદોએ ખેડૂત આંદોલનને સમર્થન કરતા ભારતે જડબાતોડ જવાબ આપ્યો

ન્યુ દિલ્હી,

અમેરિકાના કેટલાંક સાંસદોએ ભારતમાં નવા કૃષિ કાયદાની વિરૂદ્ધ આંદોલન કરી રહેલા ખેડૂતોનું સમર્થન કર્યું છે અને તેમણે શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરવાની મંજૂરી આપવાનો અનુરોધ કર્યો છે. ખેડૂતોના પ્રદર્શન પર વિદેશી નેતાઓના નિવેદનોને ભારતે વખોડી નાંખ્યું છે. ભારતે જડબાતોડ જવાબ આપતા કહી દીધું કે ભ્રામક અને અનુચિત કહેવાય, આ એક લોકતાંત્રિક દેશનો આંતરિક મામલો છે.

અમેરિકન કોંગ્રેસના સાંસદ ડગ લામાલ્ફા એ સોમવારના રોજ કહ્યું કે ભારતમાં પોતાની આજીવિકા બચાવા માટે અને સરકારના ભ્રામક, અસ્પષ્ટ નિયમ-કાયદાની વિરૂદ્ધ પ્રદર્શન કરી રહેલા પંજાબી ખેડૂતોનું હું સમર્થન કરું છું. કેલિફોર્નિયાથી રિપબ્લિકન સાંસદે કહ્યું કે પંજાબી ખેડૂતોને પોતાની સરકારની વિરૂદ્ધ હિંસાના ભય વગર શાંતિપૂર્ણ પ્રદર્શનની મંજૂરી હોવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે પંજાબ, હરિયાણા અને કેટલાંય બીજા રાજ્યોના હજારો ખેડૂત કેન્દ્રના ત્રણ નવા કૃષિ કાયદાના વિરોધમાં ૨૬ નવેમ્બરથી દિલ્હીની અલગ-અલગ સરહદો પર પ્રદર્શન કરી રહ્યા છે. ડેમોક્રેટ સાંસદ જોશ હાર્ડર એ કહ્યું કે ભારત દુનિયાનું સૌથી મોટું લોકતંત્ર છે. તેને પોતાના નાગરિકોને શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરવાની મંજૂરી આપવી જોઈએ. હું આ ખેડૂતો અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી સાર્થક વાતચીતની અપીલ કરું છું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી પાનમ કમાન્ડ યોજના
મુ. કોચીપા,
તા. લુણાવાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. બી. શેખ
મુ. હાથીવન,
તા. લુણાવાડા

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લામાં લગ્નસરાની મોસમમાં સોશીયલ ડીસ્ટન્સના ધજાગરા ઉડતા કોરોના સંક્રમણ બેકાબુ

દાહોદ,
દાહોદ જિલ્લામાં કોરોનાના વધી રહેલા સંક્રમણ વચ્ચે લગ્નની મોસમ પૂર બહારમાં ખીલી છે. જેના કારણે દાહોદ શહેરના બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ થતા દિવસ દરમિયાન રોજે રોજ સોશિયલ ડિસ્ટન્સ ના લીલા ઉડતા જોવા મળી રહયા છે. જેના કારણે આવનાર દિવસોમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા વધવાની આશંકાઓ સેવાઈ રહી છે.જે જિલ્લા વહીવટી તંત્રની સાથે સાથે જિલ્લાવાસી ઓ માટે ચિંતાનો વિષય છે. એક તરફ દાહોદ જિલ્લામાં જનતાની બેદરકારીને કારણે કોરોનાનું સંક્રમણ દિવસે દિવસે વધી રહયું છે. તેવા સમયે આવેલ લગ્નની મોસમ પણ ભારે ખીલી છે. જેના પગલે દાહોદના બજારોમાં ખરીદી માટે લોકોની થતી ભીડમાં સોશિયલ ડિસ્ટન્સનો ખૂલેખૂલો ભંગ થતો જોવા મળી રહયો છે. શહેરના નેતાજી માર્કેટ સુધી દિવસ દર મિયાન અવારનવાર આજે ચકકાજામ જેવી સ્થિતિ જોવા મળી હતી. બહારપુરા વન ખંડી તરફ જવાના રોડ પર એક તરફના બદલે બંને તરફ ફોરવીલ વાહનોની અવરજવર ચાલુ કરી દેવાતા વન ખંડી રોડ તથા બહારપુરા વાળા પડાવ ચોકથી અનાજ માર્કેટ સુધીના રોડ પર તૈનાત મહિલા પોલીસની ટ્રાફીક નિયમન અંગેની સૂઝબૂઝના અભાવે ચકકાજામ જેવા દ્રશ્યો સર્જાતાં વાહનચાલકો થી માંડીને રાહદારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા હતા. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ લગ્નની મોસમ ખીલી હોવાથી લગ્ર પ્રસંગમાં સરકારી ગાઈડ લાઈન તાથ એસ.એમ.એસ.ના નિયમોની એસીતેસી થતી જોવા મળી રહી છે સરકારે ગાઈડ લાઈન તો જાહેર કરી દીધી છે પરંતુ તેઓ અમલ કરાવવાની જવાબદારી કોની તે ખરેખર નિશ્ચચત કર્યું છે ખરૂ જો ખરે ખર જવાબદારી નિશ્ચિત કરવામાં આવી હોય તો ગ્રામય વિસ્તારોમાં થઈ રહેલા લગ્રોમાં સરકારી ગાઈડ લાઈન ના થઈ રહેલા ભંગ સબબ જવાબદારોના કાન આમળવાની તાતી જરૂર જણાઈ રહી છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધી રહયું છે. તેમ છતાં ગ્રામ્ય વિસ્તારોમાં ભરાતા અઠવાડી હાટ બજાર હજીએ ગ્રામય વિસ્તારોમાં બેખોફ ભરાઈ રહયા હોવાનું જાણવા મળ્યું છે. તે ખરેખર કેટલા અંશે ઉચિત છે. કોરોના સંક્રમણને રોકવા જિલ્લાના તંત્ર દ્વારા ચોકકાપણે તમામ પ્રયાસો હાથ ધરવામાં આવી રહયા છે. જયારે તાલુકા તંત્ર દ્વારા તાલુકા સ્તરે કોરોનાને ના થવા માટેની કામગીરી માત્ર કાગળ પર થતી હોવાની પ્ર તિતી થઈ રહી છે. જેના કારણે હવે દાહોદ જિલ્લાના ગ્રામય વિસ્તારોમાં પણ કોરોના પોતાનો વિકરાળ પંજો ફેલાવતો હોવાનું જોવા મળી રહયું છે. જે જિલ્લાવાસીઓ માટે ચિંતાના વિષય છે. ત્યારે શહેરમાં કોરોના ફેલાવવામાં મહત્વનો ભાગ ભજવી રહેલા માસ્ક પહેચર્યા વિના કરતા લોકોની સામે ચાલી રહેલી દંડાત્મક કાર્યવાહી વધુ તેજ બનાવાય તેમ શહેરીજનો ઈચ્છી રહયા છે.

## દાહોદ અને સીંગવડ તાલુકામાં લગ્નસ્થળોની ઓચિંતી મુલાકાત લઇ નિયમોના પાલન બાબતે તપાસ કરવામાં આવી



દાહોદ,
અત્યારે લગ્નસિઝન ચાલી રહી છે. ત્યારે લોકો સ્વયંભૂ શિસ્ત દાખવીને લગ્નપ્રસંગ નિયત સંખ્યામા ઉજવે અને કોરોના બાબતની તમામ માર્ગદર્શીકાનું પાલન કરે તે જરૂરી છે. તંત્ર દ્વારા વિવિધ તાલુકાઓમાં લગ્નપ્રસંગે કોવીડ-૧૯ બાબતે નિયમોનું પાલન ન થતું હોય તો કડક કાર્યવાહી કરવા કલેકટરએ જણાવ્યું છે ત્યારે ગઈ કાલે જિલ્લામાં વિવિધ જગ્યાએ તંત્ર દ્વારા ટીમ બનાવીને લગ્ન પ્રસંગની ઓંચિતી મુલાકાત લેવામાં આવી હતી અને નિયમોનું પાલન કરવામાં આવે છે કે કેમ તેની તપાસ કરવામાં આવી હતી.

દાહોદ તાલુકાના દેલસર ગામે સોમવારે તાલુકા પંચાયત ટીમ દ્વારા લગ્નસ્થળની ઓચિંતી મુલાકાત બાબતે દાહોદના તાલુકા વિકાસ અધિકારી ભાવેશકુમાર વસાવાએ જણાવ્યું કે, દેલસર ગામે તાલુકા પંચાયત ટીમ દ્વારા ઓચિંતી મુલાકાત લઇ લગ્નસ્થળે ૧૦૦ થી વધુ વ્યક્તિઓ ભેગી થઇ છે કે કેમ, માસ્ક, સામાજિક અંતર સહિતના નિયમોનું પાલન કરવામાં આવ્યું છે કે કેમ વગેરે બાબતોની તપાસ કરવામાં આવી હતી. જો કે લગ્નસ્થળે નિયત સંખ્યાથી ઓછા વ્યક્તિઓ હતા અને નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું. હાલમાં ચાલી રહેલી લગ્નસિઝનમાં દરેક ગામમાં નિયમોનું યોગ્ય રીતે પાલન થાય એ માટે સરપંચઓને સૂચના આપવામાં આવી છે અને લગ્ન પ્રસંગે ઓચિંતી મુલાકાત લઇ સ્થળતપાસ કરવામાં આવી રહી છે.

સીંગવડ તાલુકાના લીંબોદર ગામે ઓચિંતી લગ્નપ્રસંગની મુલાકાત લઇ તપાસ બાબતે માહિતી આપતા સીંગવડના તાલુકા વિકાસ અધિકારી રમેશભાઇ મકવાણાએ જણાવ્યું કે, તાલુકા કચેરી અને મામલતદાર કચેરી દ્વારા સયુક્ત ટીમ બનાવીને લીંબોદર ગામે યોજાય રહેલા લગ્નપ્રસંગની ઓચિંતી મુલાકાત લેવામાં આવી હતી. લગ્નસ્થળે કોરોના સંબધિત ગાઇડલાઇનનું પાલન થઇ રહ્યું છે કે કેમ તેની તપાસ કરવામાં આવી હતી. લગ્નપ્રસંગમાં ફકત ૧૦૦ વ્યકિતની મર્યાદા, માસ્ક, સામાજિક અંતર જેવી બાબતોની તપાસ કરવામાં આવી હતી.

# અમદાવાદમાં પેટ્રોલ ૮૧ને પારઃ ગેસ સિલિન્ડરની કિંમત વધીને ૬૪૪એ પહોંચી



ગાંધીનગર,
આ મહિને રાંધણ ગેસના સિલિન્ડરના ભાવમાં ૫૦ રુપિયાનો વધારો થયો છે. જોકે, આ ભાવવધારાને સરભર કરવા માટે ગ્રાહકોને સરકાર સબસિડી આપશે કે કેમ તે હજુય સ્પષ્ટ નથી. ડિસેમ્બરમાં સિલિન્ડરનો ભાવ અમદાવાદમાં વધીને ૬૪૪ રુપિયા થયો છે.

બીજી તરફ, મે મહિનાથી રાંધણ ગેસનો સિલિન્ડર લેનારા લોકોને કોઈ સબસિડી પણ નથી મળી. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ગેસ અને ક્રુડની કિંમતમાં કડાકો બોલાતા ઘરઆંગણે પણ તેના ભાવ ઘટ્યા હતા કે પછી સ્થિર રહ્યા હતા. માર્કેટ રેટ અને સબસિડાઈઝ્ડ રેટ સમાન થઈ જતાં ગ્રાહકોને સબસિડી ચૂકવવાનું પણ બંધ કરી દેવાયું હતું.

ગયા વર્ષે જૂન મહિનામાં દિલ્હીમાં સબસિડાઈઝ્ડ ગેસ સિલિન્ડરની કિંમત ૪૯૭ રુપિયા હતી. જોકે, ત્યારથી લઈને અત્યારસુધી તેની કિંમત ૧૪૭ રુપિયા વધી ચૂકી છે. જુન ૨૦૧૯માં દિલ્હીમાં ગ્રાહકોને સિલિન્ડર દીઠ ૨૪૦ રુપિયા સબસિડી ચૂકવાતી હતી.

સરકારી માલિકીની ઓઈલ કંપનીના સૂત્રોનું માનીએ તો ડિસેમ્બર મહિનામાં સિલિન્ડર ખરીદનારા લોકોને સબસિડી મળશે કે કેમ તે અંગે સરકારે કંપનીઓને હજુ સુધી કોઈ સૂચના આપી નથી.

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં કેન્દ્ર સરકારે ગેસ સિલિન્ડર પર સબસિડી પેટે રુ. ૨૨,૬૩૫ કરોડ રૂપિયાની ચૂકવણી કરી હતી. ૨૦૧૮-૧૯માં આ રકમ ૩,૪૪૭ કરોડ રુપિયા જેટલી થતી હતી. જોકે, આ વર્ષે ક્રુડના ભાવ ઘટવાથી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પહેલા છ મહિનામાં સરકારે સબસિડી પેટે માત્ર રુ. ૧૧૨૬ કરોડ રુપિયા જ ચૂકવ્યા છે.

ગેસ સબસિડીની માફક સરકારને કેરોસીન પર ચૂકવાતી સબસિડીમાં પણ મોટો ફાયદો થયો છે. ૨૦૧૯-૨૦માં કેરોસીન પર રુ. ૧૮૬૯ કરોડ રુપિયાની સબસિડી ચૂકવાઈ હતી. જોકે, હવે સરકારી પેટ્રોલિયમ કંપનીઓ કેરોસીનનું વેચાણ બજાર કિંમત પર કરતી હોવાથી આ વર્ષે સરકારે કેરોસીન પર કોઈ સબસિડી નથી ચૂકવી. જો માર્ચ ૨૦૨૧ સુધી આંતરરાષ્ટ્રીય બજારોમાં પેટ્રોલિયમની કિંમતમાં ખાસ ચઢ-ઉતર ના થાય તો સરકાર આ નાણાંકીય વર્ષમાં સબસિડી પેટે ચૂકવાતી રકમમાં મસમોટી બચત કરી શકશે.

ઉલ્લેખનીય છે કે, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં પેટ્રોલની આજની કિંમત ૮૧ રુપિયાને પાર થઈ ગઈ છે, જ્યારે મુંબઈમાં પેટ્રોલ ૯૦ રુપિયા કરતા પણ વધુ ભાવે વેચાઈ રહ્યું છે.

# MD ડીગ્રી ધારકને ૫૮ પ્રકારની સર્જરીની છૂટ મળતા IMAએ નોંધાવ્યો વિરોધ

ગાંધીનગર,
સેન્ટ્રલ કાઉન્સીલર ઓફ ઈન્ડીયન મેડીસીન દ્વારા એમડી ડીગ્રી ધારક હવે આંખ, કાન, નાક સહિતના ૫૮ પ્રકારની સર્જરી કરી શકશે. તેવા બહાર પાડેલા જાહેરનામાનો ઈન્ડીયન મેડીકલ એસોસીએશન દ્વારા વિરોધ નોંધાવામાં આવ્યો હતો.

આઈએમએ વડોદરા શાખા દ્વારા આજે પ્રમુખની આગેવાનીમાં વિરોધ નોંધાવતા આવેદન નિવાસી અધિક કલેકટરને આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રિય શિક્ષણ નિતિ અને નીતિ આયોગનની ચાર સમિતિ જેવી તબીબ શિક્ષણ, અભ્યાસ, જાહેર આરોગ્ય અને વહીવટ હાલમાં ચાલુ દરેક ચિકિત્સા પદ્ધતિને મિક્ષ કરીને એક ખીચડી મીકસો થેરાપીટ બનાવવાના પ્રયત્નો કરી રહ્યા છે જે એકંદરે એલોપેથીક અને આયુર્વેદીક પદ્ધતિના મૃત્યુ ઘંટ વગાડશે. એટલું જ નહીં આ પગલાંથી આયુર્વેદ પોતાની શુદ્ધતાની ઓળખ ગુમાવશે.

સીસીઆઈએમ દ્વારા જે એલોપેથીક અને આયુર્વેદીક ચિકીત્સા પદ્ધતિને મિકસ કરવા માટેના જે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે તેનો એલોપેથીક તબીબ દ્વારા સખ્ત વિરોધ નોંધાવી રહ્યા છે. જેના ભાગરુપે ઈન્ડીયન મેડીકલ એસોસીએશન દ્વારા સમગ્ર દેશમાં તબક્કાવાર આ વિરોધ પ્રદર્શનની રુપરેખા પણ ઘડી કાઢવામાં આવી રહ્યુ હોવાનું જાણવા મળ્યું છે. જેના ભાગરુપે આજે કલેકટર કચેરી ખાતે વડોદરા આઈએમએના શાખાના તબીબો દ્વારા નિવાસી અધિક કલેકટરને આવેદન આપવામાં આવ્યું હતું.

# ભારત બંધના એલાનનો દાહોદ જીલ્લામાં ફિયાસ્કો

દાહોદ,
કૃષિ કાયદાના વિરોધમાં આજે ઓલ ઈન્ડિયા ખેડૂત સંકલન સમિતિએ ભારત બંધનું એલાન આપ્યું છે.તેમજ સમગ્ર રાજ્યભરમાં ખેડૂત આંદોલનના પગલે ધારા ૧૪૪ લાગુ કરવામાં આવી છે.જેને લઈને સવારથી જ પોલીસતંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.જોકે ભારત બંધનો દાહોદ જિલ્લામાં ફિયાસ્કો થયો હતો.શહેર સહીત જિલ્લો રાબેતા મુજબ ધમધમતો જોવા મળ્યો હતો.દાહોદ જિલ્લામાંથી ખેડૂત આંદોલનના સમર્થનમાં વિરોધ પ્રદર્શન કરનારા કોંગ્રેસ,બીટીપી તેમજ આમ આદમી આદમી પાર્ટીના ૩૧ થી વધુ હોદેદારો તેમજ કાર્યકર્તાઓને પોલીસ દ્વારા ડિટેઈન કરવામાં આવ્યા હોવાનું સત્તાવાર રીતે જાણવા મળેલ છે.

દાહોદમાં આમ આદમી પાર્ટી દ્વારા ગુલાબનો ફુલ આપી બંધને સફળ બનાવવા અપીલ કરાઈ. બીટીપીના કાર્યકર્તાઓ દ્વારા હાઈવે પર ટાયરો સળગાવી ચક્કાજામ કરવાનો પ્રયાસઃદાહોદમાંથી ૧૭ ને ડિટેઈન કરાયાં.

ખેડૂતોના ભારત બંધના એલાનના સમર્થનમાં આમ આદમી પાર્ટી દાહોદ જિલ્લા ટીમ દ્વારા સવારમાં દુકાનદારોને ગુલાબના ફૂલ આપીને ખેડૂત આંદોલનને સહકાર આપવા તેમજ ખેડૂત વિરોધી કાયદાઓના વિરોધમાં બંધના એલાનને સહકાર આપવા ધંધો રોજગાર બંધ પાળીને ખેડૂતો ને સાથ આપવા આવવાહન કર્યું હતું.તેમજ દાહોદ ઈન્દોર હાઈવે પર બિટીપીના કાર્યકર્તાઓ દ્વારા ટાયરો સળગાવી હાઈવેને ચક્કાજામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.જોકે ગ્રામ્ય પોલિસે બીટીપીના ૮ કાર્યકર્તાઓની અટકાયત કરી હાઈવે ચક્કાજામ નિષ્ફળ બનાવ્યો હતો. તેમજ દાહોદ શહેર પોલીસે આમ આદમી પાર્ટીના ૯ કાર્યકર્તાઓને રિટેન કર્યા હતા.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૦૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,
છેલ્લા કેટલાક દિવસોથી દાહોદ જિલ્લામાં એકાએક કોરોના સંક્રમણના કેસો વધતા જોવા મળ્યા હતા ત્યારે આજે ૦૯ કોરોના સંક્રમણના કેસો સામે આવતા આજે કોરોનાના આંકડા માં ઘટાડો જોવા મળ્યો હતો. આ સાથે આરોગ્ય તંત્રએ પણ રાહતનો દમ લીધો હતો.
આર.ટી.પી.સી.આર.ના ૫૩૬ પૈકી ૦૫ અને ૧૦૫૧ રેપીટ ટેસ્ટ પૈકી ૦૪ મળી આજે ૦૯ કેસો નોંધાયા છે. આ ૦૯ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૬, ઝાલોદ અર્બનમાંથી ૦૨, ધાનપુરમાંથી એક એક કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૨૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એકટીવ કેસની સંખ્યા ૧૪૮ રહેવા પામી છે ત્યારે દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી પોતાનો જીવ ગુમાવનાર ૮૬ લોકોનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાનો આકડો ૨૩૨૭ રહેવા પામ્યો છે.

## દે.બારીઆ સાંકડી શેરીમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં પતરાંના શેડ ફીટ



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,
દે.બારીઆ થોડા થોડા દિવસોમાં કન્ટેનમેન્ટ ઝોન થવા માંડે છે. એક ખોલાય બીજો તૈયાર થાય છે. મળતી માહિતી મુજબ અક રાષ્ટ્રીયકૃત ગ્રામિણ બેંકના કર્મીને કોવિડ-૧૯ પોઝીટીવ હોવાથી તે કર્મી સાંકડી શેરીમાં મકાન ભાડે રાખી રહેતા માલુમ પડતા તા.૭/૧૨/૨૦૨૦ સોમવારના રોજ રહેતા હતા. તે ઘરના દરવાજા સામે ચારેબાજુ પતરાંના શેડની આડ કરી દેવાતા અન માઈક્રો કન્ટેનમેન્ટઝોનનું પ્રતિબંધીત વિસ્તારમાં અવરજવર કરવી નહી. તે સુચન સાથે લખેલ બેનર મુકવામાં આવતાં શેરીમાં રહેતા લોકોમાં ભયનો માહોલના ઓથારે છે. આમ જનતા પોતાના સ્વાસ્થ્ય તથા કુટુંબના સ્વાસ્થયના ખ્યા રાખે પોતે સંક્રમીત હોય તો બહાર નિકળવાનું ટાળે આમ વ્યકિત પણ ભીડમાં જવાનું ટાળે તથા માસ્ક પહેરે, સેનેટાઈઝરનો ઉપયોગ કરે, ઘરમાં રહી સુરક્ષીત રહે કોરોના મહામારીથી ગભરાવવું નહિ તથા સરકારશ્રીની ગાઈડ લાઈનનું પાલન કરશો તો મુંઝવણ નહિ થાય બસ ભારત તત્પર છે. વેકસીન આવી જાય તેનો ઈંતેજાર છે. અમેરીકા સાથ મોર્કના વેકસીન મેળવવા માટે વાર્તા ચાલ છે. સ્વદેશી વેકસીન પણ ત્રણ ચાર માસમાં મળી શકે તેમ છે પણ એક દુઃખની વાત છે સાંભળો બધા ભારતીયો માટે વેકસીન નથી. કાન ખોલીને સાંભળી લો તે વાતનું એક ભારતીય તરીકે જોઈએ તે દુઃખદ છે. ૧૨૫ કરોડ ભારતીયો માટે કયારે સ્વદેશી વેકસીન તત્પર થશે તે યક્ષ પ્રશ્ન છે.

## ફતેપુરા તેમજ ઝાલોદમાંથી ૧૫ થી વધુ કાર્યકર્તાઓની અટકાયત કરાઈ

દાહોદ,
ભારત બંધના પગલે સીંગવડ બજારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સીંગવડના બજારો ખેડૂતો દ્વારા ભારત બંધના પગલે સિંગવડ ના બજારો ખુલ્લા હોવા છતાં પબ્લિક દેખવા મળી નહોતી બંધ જેવો માહોલ જોવામાં મળ્યો હતો તથા ખેડૂતના ભારત બંધના હિસાબે ખેડૂતો દ્વારા છૂપો રોષ જોવા મળ્યો હતો. જ્યારે બજાર સવારે ૯ વાગ્યા સુધી તો બંધ જેવો માહોલ જોવા મળ્યો હતો સીંગવડ તાલુકાના આજુબાજુના ગામડાંના ખેડૂતો હોવાથી તે પણ બજારમાં નહિવત પ્રમાણમાં આવ્યા હતા તથા સિંગવડના બજારોમાં ધંધો-રોજગાર ઠંડા રહ્યા હતા. ત્યારે ઝાલોદ,લીમડી,ફતેપુરા, લીમખેડા, સુખસર સંજેલી, ધાનપુર, દે. બારીયા તેમજ ગરબાડા પંથક રાબેતા મુજબ ધમધમતા જોવા મળ્યા હતા. જોકે ઝાલોદ તાલુકા પંચાયત કચેરીને તાળાબંધી કરવામાં આવતા પોલિસે ઝાલોદમાંથી ૫ તેમજ ફતેપુરામાંથી ૧૦ કાર્યકર્તાઓને ડિટેઈન કરવામાં આવ્યા હતા.આમ ભારત બંધના આવાહનના પગલે દાહોદ પોલિસે વિવિધ રાજકીય પાર્ટીના ૩૧ થી વધુ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ ડિટેઈન કરાયા હતા તેમજ શહેર સહિત જીલ્લામાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલિસ બંદોબસ્તની વચ્ચે રાઉન્ડ ધ કલોક પેટ્રોલિંગ કરવામાં આવ્યો હતો.

## ધાનપુરના પીપેરીયા ગામેથી ૫૬ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,
ધાનપુર તાલુકાના પીપેરીયા ગામે પોલીસે નાકાબંધી દરમિયાન ૫૬ હજાર ઉપરાંતનો વિદેશી દારૂનો જથ્થો તેમજ એક મોટરસાઈકલ મળી કુલ ૧,૧૬,૦૦૦ ના મુદ્દામાલ સાથે બે લોકોને ઝડપી પાડ્યા છે. તેમજ અન્ય બે વ્યકિતઓ પોલીસને ચકમો આપી ભાગી છૂટવામાં સફળ રહ્યા હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધાનપુર તાલુકાના પીપેરિયા ગામે ધાનપુર પોલીસ ગતરોજ રાત્રીના સાડા નવ વાગ્યાના અરસામાં વોચ ગોઠવી વાહન ચેકિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન સામેથી બે વ્યક્તિઓ થેલામાં ૧૪ હજાર કિંમતના ગોવા વહીસ્કીના કવાંટરીયા તેમજ ૪૨ હજારના પ્લાસ્ટિકના ૪૦૦ કવાંટરીયા મળી કુલ ૫૬ હજારના વિદેશી દારૂતેમજ પાઈલોટિંગ કરનાર બે વ્યક્તિઓ મોટરસાઈકલ મૂકી ફરાર થઈ જતા પોલીસે મોટરસાઇકલ મળી કુલ ૧,૧૬ હજારનો મુદ્દામાલ સાથે બે વ્યક્તિઓને ઝડપી પાડ્યા હતા. તેમજ બે વ્યક્તિઓ ભાગી છૂટ્યા હતા. પોલીસે આ બનાવ સંદર્ભે ચાર વ્યક્તિઓ સામે પ્રોહીનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદના કતવારા નજીક હાઈવે રોડ ઉપર આઈસર ટેમ્પાની અડફેટે ૧૩ વર્ષીય બાળકીનું મોત

દાહોદ,
દાહોદ તાલુકાના કતવારા નજીક ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર માતેલા સાંઢની જેમ પુરઝડપે ધસી આવેલા આઈશર ટેમ્પોએ લાકડાનો ભરો લઈને જઈ રહેલી ૧૩ વર્ષીય બાળકીને અડફેટે લેતા ટેમ્પોના તોતિંગ પૈડાં નીચે ચગદાઈને બાળકીનું કમકમાટીભર્યું મોત નીપજયું હોવાનું જાણવા મળે છે.

વધુ મળતી માહિતી અનુસાર દાહોદ તાલુકાના કતવારા નજીક જાલત ગામના નરેશ ખીમાભાઇ બિલવાલની ૧૩ વર્ષીય પુત્રી કરનીતાબેન ગતરોજ સાંજના પોણા ચાર વાગ્યાના સુમારે જંગલમાંથી ચૂલા સળગાવવા માટે લાકડા વીણીને પરત ઘર તરફ આવી રહી હતી. તે સમયે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર જીજે.૨૦.વી.૭૨૭૯ નંબરના આઈશર ટેમ્પોના ચાલકે કર્મિતાબેનને અડફેટે લેતા ટેમ્પોના તોતિંગ પૈડાં નીચે ચગદાઈ જવાથી કવિતા બેનનું ઘટનાસ્થળે પ્રાણપંખેરૂ ઊડી જવા પામ્યું હતું.આ બનાવ બાદ ટેમ્પોચાલક ટેમ્પો અને ઘટનાસ્થળે મુકી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આવો બનાવ સંદર્ભે મરણ જનાર કર્મિતાબેનના પિતા નરેશભાઈ બિલવાલે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા કતવારા પોલીસે આ સંબંધે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત દાહોદ જિલ્લાના ૬૮૩૬૫ વરિષ્ઠ નાગરિકોને રૂ. ૩૦૬૭.૫૪ લાખની સહાય

દાહોદ,
ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત ગત સપ્ટેમ્બર માસમાં દાહોદ જિલ્લાના ૬૮૩૬૫ વરિષ્ઠ નાગરિકોને રૂ. ૩૦૬૭.૫૪ લાખની સહાય કરવામાં આવી હતી. આ યોજના અન્વયે ૬૦ થી ૭૯ ની વય સુધી રૂ. ૭૫૦ અને ૮૦ થી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને રૂ. ૧૦૦૦ માસિક સહાય આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે સપ્ટેમ્બરમાં કુલ ૭૮ નવી અરજી કરવામાં આવી હતી, જયારે પૂતર્તા માટે બાકી અરજીઓની સંખ્યા ૨૫૧ છે, જે કામગીરી ટૂંક સમયમાં પૂરી કરાશે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને બેન્કમાંથી સીધી ચુકવણી થતી હોય સમગ્ર પ્રક્રિયા પારદર્શક બને છે.

## લીમડીના વરોડ ગામે ફોર વ્હીલની ચોરી

ઝાલોદ,
ઝાલોદ તાલુકાના લીમડી નજીક વરોડ ગામે ઘરના આંગણામાં પાર્ક કરેલ ફોર વહીલર ગાડીનું લોક તોડી ઉઠાંતરી કરી લઇ ગયાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સંજેલી તાલુકાના કરંબા છાયણ ફળિયાના રહેવાસી સુકેશભાઈ રામસીંગભાઇ ભગોરાએ પોતાની જીજે.૦૯.બી.એફ.૧૬૦૨ નંબરની તુફાન ગાડી ઝાલોદ તાલુકાના વરોડ ગામેં પાર્ક કરી કોઈ કામઅર્થે ગયા હતા. તે સમયે અજાણ્યા તસ્કરોએ તુ ગાડીનો લોક તોડી તુફાન ગાડી ને ઉઠાંતરી કરી લઇ ગયા હતા. આ બનાવ સંદર્ભે લીમડી પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 91

## છેલ્લા ૧૨ દિવસથી દિલ્હીમાં ખેડુત આગેવાનોની મંત્રણાઓ

# પંચમહાલ જીલ્લામાં દેશવ્યાપી હડતાળનો ફિયાસ્કો

### ગોધરામાં ખેડુતો આંદોલનને સમર્થન આપનાર કોંગ્રેસી આગેવાનોની પોલીસ દ્વારા અટકાયત



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

દેશ વ્યાપી ખેડૂત વિરોધી કાયદાના વિરૂદ્ધમાં પંચમહાલ જિલ્લા કોંગ્રેસના આગેવાનો એ ખેડુતો સમર્થનમાં આંદોલનમાં ભાગ લીધો હતો. આ આંદોલનમાં ભાગ લેનાર પંચમહાલ જીલ્લાના કોંગ્રેસના આગેવાનોને ગોધરામાં પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. પોલીસ દ્વારા ડિટેન કરવામાં આવેલા આગેવાનોમાં અજિતસિંહ ભટ્ટી જીલ્લા પ્રમુખ, ઉસમાનગની બેલી, જિલ્લા માયનોરિટી ચેરમેન, રફીક ભાઈતિજોરીવાલ પ્રદેશ મંત્રી, દક્ષેશભાઈ પટેલ પ્રદેશ મંત્રી, સિદ્દીક ખાન ડેની શહેર પ્રમુખ, મીકકી જોસેફ જિલ્લા યુથ પ્રમુખ, હસન છકડા, ફારૂક વોરા, સુરજ આહુજા, ફરીદ્દભાઈ ચરખાનો સમાવેશ થાય છે.

### ગોધરામાં ખડેપગે પોલીસ હાજર : કાયદો વ્યવસ્થા જળવ્યું



ખેડુતના દેશવ્યાપી હડતાળના આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે પંચમહાલમાં પણ આવા આંદોલનને સફળ ન બનાવવા માટે ભાજપા સરકારે તંત્રનો ઉપયોગ કર્યો હતો. ખેડુતો દ્વારા આવા આંદોલનને સફળ બનાવીને સરકારનું નાક ન કાપે અને કાયદો વ્યવસ્થા સામે અનેક પ્રશ્નો સર્જાય તે પૂર્વે પોલીસ દ્વારા આવા આંદોલનને કચડી નાખવા માટે પોલીસે એડીચોટીનું જોર લગાવવામાં આવ્યું હતું. પંચમહાલ જીલ્લાના પોલીસવડા દ્વારા વહેલી સવાર થી ગોધરા શહેર તથા આસપાસના વિસ્તારોમાં પહોંચી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સમીક્ષા કરી હતી. પરંતુ ભગવાનની કૃપાથી કોઈ અનિચ્છનીય ન બનીને પોલીસનું આબરૂ સચવાઈ હતી. ગોધરા શહેરમાં ઠેરઠેર વહેલી સવારથી જ પોલીસે હાજર રહીને કાયદો અને વ્યવસ્થાનું પાલન કર્યું હતું. અને આવા ભારત બંધના એલાનને નિષ્ફળ બનાવ્યું હતું.

### રેણા મોરવામાં ભારત બંધના એલાનની અસર



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરામાં ભારતબંધના એલાનની નહીવત અસર જોવા મળી હતી. તાલુકાના મોરવા રેણા ખાતે ખેડુતોના સર્મથનમાં બજારોબંધ રહ્યા હતા. તાલુકા કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોને પોલીસ દ્વારા ડીટેઈન કરવામાં આવ્યા હતા. આ બંધને સમર્થન કરનાર કોંગ્રેસ અગ્રણી દુષ્યંતસિંહ ચૌહાણ, પર્વતસિંહ ચૌહાણ, કોંગ્રેસ પ્રમૂખ આરતસિંહ પટેલ, સાજીદ વલી સહિતનાઓને પોતાના નિવાસસ્થાનેથી નીકળે તે પહેલા તેમને ડીટેઈન કરીને પોલીસ મથક ખાતે લાવામાં આવ્યા હતા.

### કાલોલમાં કોંગ્રેસ કાર્યકરોની અટકાયત



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ કોંગ્રેસ સમિતિના કાર્યકરો ભારત બંધના એલાનને સમર્થન આપવા સરદાર ભવન ખાતે એકત્રિત થઈ ને બંધના એલાનને સાર્થક બનાવે તે પહેલાં જ કાલોલ પોલીસ ટીમે કોંગ્રેસ ના કાર્યકરોની અટકાયત કરી હતી. જોકે કોંગ્રેસના કાર્યકરોએ “ મોદી તેરી તાણા શાહી નહીં ચલેગી ”ના સુત્રોચ્ચાર કર્યા હતા. જયારે પોલીસે કોંગ્રેસના આગેવાનોની અટકાયત કરતાં શાંતિનો માહોલ જોવા મળ્યો હતો.

ગોધરા,

દેશવ્યાપી ખેડુતોને અન્યાય કરતો વટહુકમ લાગવામાં આવતાં દિલ્હીમાં અનેક રાજ્યોના મોટી સંખ્યામાં ખેડુતો આંદોલન કરી રહ્યા હતા. આજે મંગળવારના રોજ દેશ વ્યાપી ભારત બંધનું એલાન આપવામાં આવતાં જેના ભાગરૂપે પંચમહાલ જીલ્લામાં ભાજપની સરકાર હોવાના કારણે સમગ્ર આંદોલનનો ફિયાસ્કો થઈને ગોધરા સહિતના અનેક શહેરના બજારો રાબેતા મુજબ કાર્યરત રહ્યા હતા. કોંગ્રેસના બંધ એલાનને પ્રજાએ જાકારો આપ્યો હતો.

છેલ્લા બાર દિવસ થી ખેડુત વિરૂદ્ધ લાદવામાં આવેલ કાયદો ખેડુતોને અન્યાયરૂપ ગણાઈ રહ્યો છે. જેમાં એમ.એસ.પી. ભાવ નહીં મળીને ખેડુતોને પોતાની ઉત્પાદન સામે આવક નહીંવત ગણાઈને અને આ કાયદાને નાબુદ કરવાનો મોદી સરકારનો વટ હુકમ જારી કરાયો હોવાના લઈને છેલ્લા ૧૨ દિવસથી દિલ્હીમાં દેશના મોટી સંખ્યામાં ખેડુતો આંદોલન દેખાવ કરી રહ્યા છે. મોદી સરકાર સાથે અનેકવાર મીટીંગ યોજવા છતાં કોઈ નિવડો આવેલ નથી. કૃષિ મંત્રી દ્વારા મહત્તમ ભાવ નાબૂદ નહીં થાય તેવા વાયદા કરવા છતાં ખેડુતો ટસના મસ નથી થતાં અને ખેડુત આગેવાનો દ્વારા આવા કાયદાને કાર્યરત રાખવાની માંગણી કરાઈ રહી છે. છેલ્લા ૧૨ દિવસ ઉપરાંતનો સમય વિતવા છતાં આવા આગેવાનો એ સમગ્ર દેશમાં ભારતબંધનું એલાન આપ્યું હતું. ભારત બંધના એલાન વચ્ચે પંચમહાલ જીલ્લો રાબેતા મુજબ કાર્યરત રહ્યો હતો. એપીએમસી, બેંકો, બસો, સરકારી કચેરીઓ રાબેતા મુજબ કાર્યરત રહી હતી. અને કોંગ્રેસના દેશવ્યાપી બંધના એલાનને જાકારો આપીને આંદોલનને નિષ્ફળ બનાવ્યું હતું. વહેલી સવારથી જ સરકારી કચેરીઓ તથા બેંકો રાબેતા મુજબ કાર્યરત રહી હતી. અને પ્રજાજનોને કોઈપણ જાતની મુશ્કેલી વિના ચાલુ રહેતા પ્રજાજનો પણ હાશકારો અનુભવી રહ્યો હતો. લાંબા સમય બાદ કોંગ્રેસે ભારત બંધનું એલાન આપવા આવા છતાં રાબેતા મુજબ પ્રજાજનોની કોઈપણ તકલીફ વિના રાબેતા મુજબ જીવન વ્યવહાર કાર્યરત રહ્યું હતું. આવા ભારત બંધના એલાનને પંચમહાલ જીલ્લાવાસીઓ દ્વારા નકારવામાં આવીને રાબેતા મુજબ પોતાનું લોકજીવન ચાલુ રાખ્યું હતું. કોઈપણ જાતની મુશ્કેલી વિના પ્રજાને જીવન આવશ્યક ચીજવસ્તુઓ સરળતાથી મળી રહ્યું હતું. અને આવા આંદોલન ફરી એકવાર ફગાવી દઈને પંચમહાલ જીલ્લામાં ફિયાસ્કો થયો હતો. જેનાથી કોંગ્રેસ પક્ષને ભારે આંચકો પહોંચ્યો હતો. હવે જોવું રહ્યું કે દિલ્હીમાં કૃષિમંત્રી સાથે આયોજીત બેઠકમાં વાટાઘાટો પછી શું નિર્ણય આવે છે. તેના પર પંચમહાલ જીલ્લાના ખેડુતોની નજર મંડાઈ રહી છે.

- રાબેતા મુજબ સરકારી કચેરી કાર્યરત રહી.
- APMC સહીતની સહકારી કચેરીઓમાં કામગીરી ચાલુ.
- ખેડુતોએ પોતાની માંગણી હોવા છતાં આંદોલનમાં જોડાયા નહીં.
- અવારનવાર માંગણી કરવા છતાં ખેડુતો સામે સરકારની અનદેખી.
- દેશવ્યાપી હડતાળ હોવા છતાં પંચમહાલમાં બજારો કાર્યરત.
- એલાનના પગલે ઠેર ઠેર પોલીસનો ચાંપતો બંદોબસ્ત.

## દેલોલ PHC મેડિકલ ઓફિસરને દર્દીના સગા દ્વારા ગાળો આપી ધમકી આપતા ફરિયાદ

કાલોલ,

દેલોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મહિલા મેડિકલ ઓફિસરને એક દર્દીના સગા દ્વારા મોબાઈલ પર ગંદી ગાળો બોલી ધમકી આપતા તેની સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

કાલોલ તાલુકાના દેલોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેકિડલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડો.જયોતિકાબેન પટેલ શનિવારના રોજ પોતાની ફરજ પુરી કરીને સાંજે પોતાના ઘરે હતા ત્યારે રાત્રિના આઠ વાગે તેમના મોબાઈલ પર અજાણ્યા મોબાઈલ નંબર દર્શાવતો ફોન આવ્યો હતો. જે ફોન કરનાર ઈસમે ફોન પર ગાળો બોલવા લાગ્યો હતો. ડોકટરે ગાળો ન બોલવાનુ કહીને ફોન બંધ કરી દીધો હતો. પરંતુ થોડીવાર પછી ફરીથી એ જ વ્યકિતનો ફોન આવતા તે મારી પત્નિ અંજલીને ગોધરા સિવિલ હોસ્પિટલમાં કેમ રિફર કરી ? ત્યાં કોણ તારો બાપ સારવાર કરશે ? ત્યાં કોઈ સારવાર કરી રહ્યુ નથી. જો મારી પત્નિને કંઈ પણ થશે તો હુ તને જોઈ લઈશ. તેમ કહી ગાળો બોલી તુ જયાં પણ નોકરી કરે છે. ત્યાં તને જોઈ લઈશ, સોમવારે હું આવુ નહિ ત્યાં સુધી નોકરી છોડીને જતી નહિ તેવી ધમકીઓ ઉચ્ચારતા ફોન કાપી નાંખ્યો હતો.

દેલોલ પીએચસી સેન્ટરના મહિલા, ઓફિસરે રવિવારના રોજ કાલોલ પોલીસ સમક્ષ અજાણ્યા ઈસમના મોબાઈલ નંબરના આધારે ફરિયાદ આપતા કાલોલ પોલીસે ગુનો નોંધી મોબાઈલ નંબરના આધારે અજાણ્યા ઈસમને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

આ અંગે પોલીસની પ્રાથમિક તપાસમાં દેલોલ પ્રા.આરોગ્ય કેન્દ્રમાં પોતાની પત્નિની પ્રસૃતિ બાબતે દેલોલ પ્રા.આરોગ્ય કેન્દ્રમાં લાવ્યો હતો. પરંતુ વધુ સારવાર માટે દર્દીને ગોધરા સિવિલ હોસ્પિટલમાં મોકલી આપતા કાલોલ તાલુકાના એક ગામના ઈસમે મહિલા ડોકટરને ગાળો બોલી ધમકી આપી હોવાનુ જાણવા મળેલ છે.

## કોવિડ વેક્સિનેશનની પૂર્વતૈયારીના ભાગરૂપે ડેટા એકત્રીકરણની સમીક્ષા કરતા જિલ્લા કલેકટર

ગોધરા,

કોવિડ વેક્સિનેશનની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે માર્ગદર્શિકા અનુસાર પંચમહાલ જિલ્લામાં હેલ્થ કેર વર્કર્સ સહિત કોરોના કામગીરી સાથે સંકળાયેલ તેમજ સંક્રમણનું વધુ જોખમ ધરાવતા સરકારી-અર્ધ સરકારી-ખાનગી-કોન્ટ્રાક્ચ્યુલ કર્મચારીઓના ડેટા એકત્રીકરણ અને ઓનલાઈન અપલોડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે જિલ્લા કલેકટર અમિત અરોરાએ જિલ્લા સેવાસદન ખાતે આ કામગીરીની પ્રગતિની સમીક્ષા કરી હતી. ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. રાઠોડ, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી સહિતના આરોગ્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં કલેક્ટરએ ડેટા એકત્ર કરવા માટેના વિશેષ સોફ્ટવેર COWIN (કોવિડ-૧૯ વેક્સિન ઈન્ટેલીજન્સ નેટવર્ક), અત્યાર સુધી કરાયેલ ડેટા એન્ટ્રી, રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં પ્રગતિ અંગે સૂક્ષ્મ માહિતી મેળવતા ઉપયોગી માર્ગદર્શન-સૂચના આપ્યા હતા. કલેક્ટરએ ઉપસ્થિત શાખા અધિકારીઓને આપેલ ફોર્મેટમાં જ ચોક્કસ એન્ટ્રી કરાવવા તેમજ કોરોના સંક્રમણનું જોખમ ધરાવતી કોઈ વ્યકિત નોંધણીમાંથી બાકાત રહી ન જાય તે સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. હેલ્થકેર સહિત જાહેર સંપર્ક પ્રકારની કામગીરી ધરાવતા વિભાગોના સ્ટાફમાં અંશકાલીન, કરાર આધારિત સહિતના કર્મચારીઓને આવરી લેવા તેમણે નિર્દેશ આપ્યા હતા. આ ઉપરાંત વેક્સિનેશનના સેશન્સ મેનેજમેન્ટ, સપ્લાઈ ચેઈન મેનેજમેન્ટ, કોલ્ડ સ્ટોરેજ મેનેજમેન્ટ, ઈવિન સોફ્ટવેર, કોલ્ડ સ્ટોરેજ ખાતે રીમોટ ટેમ્પરેચર મોનિટરિંગ સહિતની વ્યવસ્થાઓની વિગતવાર માહિતી મેળવતા જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા. બેઠકમાં હેડકવાર્ટર ડીવાયએસપી કણસાગરા, જિલ્લા પુરવઠા અધિકારી એન. રાજપૂત, આર એન્ડ બી (સ્ટેટ)ના કાર્યપાલક ઈજનેર સહિતના વિવિધ ભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### છેલ્લા અઠવાડિયામાં દિપડાના આતંકથી લોકો ભયભીત

## ઘોઘંબાના કાંટાવેડા ગામે ૮ વર્ષીય ગોચાસુંડલ ગામે ૫ વર્ષીય બાળક પર હૂમલો કરીને રામશરણ પહોંચાડયો

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના જંગલને અડીને આવેલા આંતરીયાળ વિસ્તારોમાં દિપડાના હુમલાના બનાવો વધી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહમાં ઘોઘંબા તાલુકાના ત્રણ અલગ અલગ ગામોમાં બે આઠ વર્ષીય અને એક પાંચ વર્ષીય બાળકો ઉપર દિપડાના હુમલાના બનાવો બનવા પામ્યા છે. તેમાં આજરોજ ઘોઘંબાના કાંટાવેડા ગામે જંગલ નજીક બકરાં ચરાવવા ગયેલ બાળકને તેમજ ગોચાસુંડલ ગામે પોતાના ઘર પાસે રમતા બાળકને દિપડા એ મોતને ઘાટ ઉતારી દેતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ઘોઘંબા તાલુકાના બન્ને ગામોમાં દિપડા એ હુમલો કરી બાળકને મોતને ઘાટ ઉતારી દેવાની ઘટનાની જાણ રાજગઢ વન વિભાગને જાણ કરવામાં આવતાં ફોરેસ્ટ વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને હિંસક દિપડાને ઝડપી પાડવા માટે પીંજરા ગોઠવવામાં આવ્યા છે.

પંચમહાલ જીલ્લામાં ઘોઘંબા તાલુકાના જંગલને અડીને આવેલ અંતરીયાળ ગામોમાં દિપડાના હુમલાના બનાવો વધી રહ્યા છે. જંગલ વિસ્તારોમાં માનવોની દખલગીરી વધી છે. જંગલોમા ખોરાક અને પાણીની અછત જોવા મળતા દિપડાઓ માનવ વસાહતો નજીક આવી રહ્યા છે. તેમાં હિંસક દિપડાઓ માનવ ઉપર હુમલો કરતા હોવાન



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

**ઘોઘંબાના ગોચાસુંડલ ગામે રાત્રી દરમ્યાન દિપડાના હુમલામાં બાળકના મોતની ઘટના બાદ જીલ્લા કલેકટર તેમજ જીલ્લા વન સંરક્ષકએ મૃતક બાળકના પરિજનો સાથે મુલાકાત કરી.**

અનેક બનાવો અવારનવાર સાંભળવા મળી રહ્યા છે. ઘોઘંબા તાલુકામાં છેલ્લા એક સપ્તાહમાં જંગલને અડીને આવેલ આંતરીયાળ ગામો દિપડાના હુમલાના ત્રણ કિસ્સાઓ બનવા પામ્યા છે. ૫ ડિસેમ્બરના રોજ ઘોઘંબાના પલ્લા ગામના કુપેચીયા ગામ રહેતા કરશનભાઈ રાઠવાનો ૮ વર્ષીય પુત્ર જનક ઘરમાંથી લઘુશંકા કરવા માટે નિકળ્યો હતો. દરમ્યાન અચાનક હિંસક દિપડા એ બાળકને ગળાના ભાગે પકડી લેતાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. બાળક ઉપર થયેલ હુમલામાં લોકોએ બુમાબુમ કરી મૂકતા દિપડા બાળકને ઈજાઓ કરી નાશી છુટીયો હતો. દિપડાના હુમલામાં ઈજાગ્રસ્ત બાળકને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડતા ઈજા પામેલ જગ્યાએ ચાર ટાંકા લેવામાં આવ્યા હતા. ઘર નજીક દિપડાના હુમલામાં બાળકનો જીવ બચી ગયો હતો. આ બનાવના પગલે ગ્રામજનો દ્વારા ફોરેસ્ટ વિભાગને હિંસક દિપડાને પાંજરે પુરવા માટે રજુઆત કરી હતી.જેને લઈ ઘોઘંબાના અંતરીયાળ ગામોમાં દિપડાના હુમલા બનાવ અને આતંક હાલ પણ જોવા મળી રહ્યો છે.

આજરોજ ઘોઘંબા તાલુકાના કાંટાવેડા ગામે રહેતા વેચાતભાઈ નાયકનો ૮ વર્ષીય પુત્ર મેહુલ પોતાના ઘરેથી બકરા ચરાવવા માટે જંગલ નજીક ગયો હતો. તે વેળાએ ૮ વર્ષીય બાળક મેહુલ ઉપર દિપડા એ હુમલો કર્યો હતો અને બાળકને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવવા પામ્યું હતું. ઘરેથી બકરા ચરાવવા માટે ગયેલ બાળક ઉપર દિપડાના હિંસક હુમલામાં મોત નિપજાવવાની ઘટનાની જાણ થતાં ગ્રામજનો જંગલ તરફ દોડી ગયા હતા અને દિપડાના હુમલામાં મોત અંગેની જાણ રાજગઢ ફોરેસ્ટ વિભાગને કરવામાં આવતાં ફોરેસ્ટ વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ફોરેસ્ટ વિભાગ સમક્ષ ગ્રામજનો દ્વારા હિંસક દિપડાને પાંજરે પુરવાની માંગ કરાઈ છે. તો બીજી તરફ રાત્રીના આઠ વાગ્યાના સુમારે ઘોઘંબા તાલુકાના ગોચાસુંડલ ગામમાં પોતાના ઘર પાસે રમી રહેલા બાળક પર દિપડાએ માથાના તેમજ ગળાના ભાગે હુમલો કર્યો હતો. દિપડાએ કરેલા હુમલામાં બાળકને ગંભીર ઈજાઓ પહોંચતા પાંચ વર્ષીય નિલેશ દિપભાઈ બારીયાનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. બનાવની જાણ ગ્રામજનોએ વન વિભાગને કરતાં ઘટના સ્થળે જીલ્લા કલેકટર તેમજ જીલ્લા વન સંરક્ષકનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જવા પામ્યો હતો. બનાવની ગંભીરતાને લઈને ઘટના સ્થળે પહોંચેલા જીલ્લા કલેકટરે ગ્રામજનોને સતર્કતા-સાવચેતી રાખવા અંગેની માહિતી આપી વનવિભાગને પણ સતર્ક રહી દિપડાને પાંજરે પુરવા માટેની કાર્યવાહીના આદેશ આપ્યા હતા.

અવારનવાર દિપડાના હુમલાના બનાવોને લઈ ગ્રામજનોમાં ડરનો માહોલ ઉભો થયો છે. ઘોઘંબા તાલુકાના અંતરીયાળ ગામોના ગ્રામજનો ખેતરો અને સીમમાં જવાનું ટાળી રહ્યા છે. ત્યારે ફોરેસ્ટ વિભાગ દ્વારા હિંસક દિપડાને પાંજરે પુરે તેવી માંગ ઉઠવા પામી છે.

- વન વિભાગ દ્વારા ફેન્સીંગ હોવા છતાં ગાબડું પાડયું.
- વનકર્મીઓની સુરક્ષામાં ચૂક : આડેધડ દિપડાનો આતંક.
- અવારનવાર દિપડા એ માનવભક્ષ કરવા સાથે પશુઓનો મારણ.
- દિપડાના આતંક હોવા છતાં વનકર્મીઓ માનવભક્ષી દિપડાઓને ઝબ્બે કરવામાં નિષ્ફળ.
- છેલ્લા એક અઠવાડિયામાં ત્રણ નિર્દોષ બાળકો ઉપર હુમલો કરવાના બનાવો.
- માનવભક્ષી હુમલો ગામમાં ન પ્રવેશે તે માટે લોકોનું જાગરણ.
- ગ્રામજનો દ્વારા ફોરેસ્ટ વિભાગ પાંજરે પુરે તેવી માંગ.
- છેલ્લા અઠવાડિયાથી વનકર્મીઓ દ્વારા ખૂંખાર દિપડાને શોધવાની કવાયત.

### દાહોદ જીલ્લાના ધાનપુર અને દે.બારીઆમાં દિપડાના હુમલાના બનાવો વધ્યા

દિપડાના હુમલાના બનાવો માત્ર પંચમહાલ જીલ્લાના ઘોઘંબા પુરતા સીમીત નથી. દિપડાની માનવ વસ્તીમાં રંજાડની ઘટનાઓ સૌથી વધુ દાહોદ જીલ્લામાં ધાનપુર, દે.બારીઆમાં બની રહ્યા છે. ધાનપુર તાલુકામાં દિપડાના હુમલામાં અનેક વ્યકિતઓએ જીવ ગુમાવ્યા છે. જ્યારે દે.બારીઆ તાલુકામાં દિપડાના હુમલામાં ગંભીર ઈજાગ્રસ્ત થયેલ છે. તેમ છતાં આવા હિંસક દિપડાઓને પકડવાના ફોરેસ્ટ વિભાગના પ્રયાસો નિષ્ફળ રહ્યા છે. જેને લઈ ધાનપુર અને દે.બારીઆ તાલુકાના અંતરીયાળ ગામોના ગ્રામજનોમાં દિપડાના હુમલાથી ડરીને ખેતરો તેમજ સીમમાં જવાનું ટાળી રહ્યા છે.

### પાવાગઢ ખુંદપીર નજીક અજાણ્યા વાહનની અડફેટે દિપડાનું મોત નિપજયું હતું

પંચમહાલ અને દાહોદ જીલ્લાના જંગલોમાં દિપડાની વસ્તીમાં વધારો થઈ રહ્યો છે. તેમાં પણ જંગલ વિસ્તારોમાં ખોરાક અને પાણીની શોધમાં માનવ વસ્તી તરફ આવી રહ્યા છે. જેમાં માનવ ઉપર હુમલાના બનાવો વધી રહ્યા છે. પંચમહાલ જીલ્લામાં દિપડાની સંખ્યા વધી રહી છે. તેના પુરાવા સમાન પાવાગઢના ખુંદપીર નજીક રાત્રીના સમયે ખોરાકની શોધમાં નીકળેલ દિપડો અજાણ્યા વાહનની અડફેટમાં મોત નિપજેલ હાલતમાં મળી આવ્યો હતો.